# કલેકટર કચેરી, (ચૂંટણી શાખા) વલસાડ

**નવું જિલ્લા સેવા સદન, બીજા માળે ૩૯૬૦૦૧**

ટેલીફોન:- ૦૨૬૩૨-૨૪૪૨૭૬ ઈ-મેઈલ:-gpelevalsad@gmail.com


નં.સ્થા.સ્વ.ચૂં./ટેન્ડર/મતપત્રો/વશી.૧૭૪૧/૨૦૨૫ તા.૦૯/૦૧/૨૦૨૫
૨૨૫

વંચાણમાં લીધુ:-

(૧) નાયબ સચિવશ્રી (ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ, તા.03-02-૨૦૨૧

(૨) અત્રેની કચેરીનાં GeM Portal બીડ નં.GEM/2024/B/5713491, તા.૧૬-૧૨-૨૦૨૪

(3) AAGAM TECHNOLOGIES

(૪) EDWIN EDUCATIONAL AND PROFESSIONAL

(૫) EKTA OFFSET PRIVATE LIMITED

(૬) MAHADEV ENTERPRISE

(૭) SANGHAVI COMPUTER CENTRE PRIVATE LIMITED

(૮) TIRTH INFOTECH

(૯) ટેન્ડર કમિટી સમક્ષ ટેન્ડર ખોલવા બાબતોનું રોજકામ તા.૨/૧/૨૦૨૫ તથા તા.૦૬/૧/૨૦૨૫

હુકમ:-

સ્થાનિક સ્વરાજયની સામાન્ય/ પેટા ચૂંટણીનાં કામે ચૂંટણી દરમિયાન મતપત્રોની સેવાઓ ઉપલબ્ધ કરાવવાની થાય છે. આ કામે સરકારશ્રીનાં આમુખ-(૧) ના ઠરાવની સુચના મુજબ GeM Portal મારફત વસ્તુ સેવાની ખરીદી ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી કરવા જણાવેલ છે. આ કામે આમુખ-(૨) માં જણાવ્યા પ્રમાણેની GeM Portal પર બીડ નંબર. GEM/2024/B/5713491, તા.૧૬-૧૨-૨૦૨૪ થી મતપત્રની સેવાઓ મેળવવા ઓનલાઇન બીડ કરવામાં આવેલ જે અન્વયે નીચે જણાવેલ એજન્સી તરફથી GeM Portal પર ઓનલાઇન બીડ મળેલ છે.

(૧) AAGAM TECHNOLOGIES

(૨) EDWIN EDUCATIONAL AND PROFESSIONAL

(3) EKTA OFFSET PRIVATE LIMITED

(૪) MAHADEV ENTERPRISE

(૫) SANGHAVI COMPUTER CENTRE PRIVATE LIMITED

(૬) TIRTH INFOTECH

ખરીદ સમિતિ (DPC) દ્વારા ઉપરની એજન્સીઓના ઓનલાઇન બીડની પધ્ધતિસરની ચકાસણી અનુસર્યા બાદ ક્વોલીફાઇડ થયેલ એજન્સીનાં ફાઇનાન્સીયલ બીડ ખોલતા GeM Suggested L-1 પાર્ટી તરીકે EKTA OFFSET PRIVATE LIMITED આવેલ છે. જેના ભાવ નીચે મુજબ છે.

| ક્રમ | એજન્સીનું નામ | કુલ મતપત્રોની સંખ્યા | એક મતપત્ર છાપકામનો ભાવ (રૂપિયા) | એક મતપત્રનો બાઈડીંગનો ભાવ(રૂપિયા) | કુલ કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| ૧ | EKTA OFFSET PRIVAT LIMITED | ૩૧૧૫૦૦ | રૂ.૨.૦૦ | રૂ.૦.૧ | ૬૫૪૧૫૦/- |

ઉપરોક્ત વિગતે L1માં આવેલ એજન્સી EKTA OFFSET PRIVAT LIMITEDના ભાવ વ્યાજબી જણાતા હોય આગામી સ્થાનિક સ્વરજ્યની ચૂંટણીઓનાં કામે મતપત્રનાં પ્રિન્ટીંગની કામગીરીનો ઇજારો EKTA OFFSET PRIVAT LIMITED આપવા કમિટીએ અભિપ્રાય આપેલ છે. સબબ, વિગતે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન મતપત્રનાં છાપકામની સેવા પુરી પાડવાનો ઇજારો ટેન્ડર / કરારખતની તથા નીચે મુજબની શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે EKTA OFFSET PRIVAT LIMITEDને આપવા ઠરાવવામાં આવે છે.

Scanned with CamScanner

શરતો:-

(૧) કરારની મુદત પૂરી થાય તે પહેલા, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર-વલસાડ કોઈપણ કારણસર લેખિત સૂચના આપીને કરાર રદ કરી શકશે અને કોન્ટ્રાક્ટરને તેના માટે કોઈ વળતર મેળવવાનો અધિકાર રહેશે નહીં.

(૨) એજન્સી કોઈપણ રીતે કોઈપણ રાજકીય પક્ષ અથવા ચૂંટણી લડનાર ઉમેદવાર સાથે જોડાયેલો હોવો જોઈએ નહીં અથવા કોઈપણ રાજકીય પક્ષ અથવા ચૂંટણી લડતા ઉમેદવારમાં કોઈ રસ ધરાવતો હોવો જોઈએ નહીં.

(૩) દરેક વસ્તુની કિંમત, તમામ વેરા સહિતની બિડ અને વર્ક ઓર્ડરની શરતો અને બિડમંજૂર કરનાર સત્તાધિકારી અથવા અધિક જિલ્લા ચૂંટણી અધિકારી (સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ), વલસાડની સૂચના મુજબની જગ્યા/વિગતે જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, વલસાડને પહોંચાડાય ત્યાં સુધીની ગણવામાં આવશે. બિડર નિયમો મુજબ આવકવેરો, GST વગેરે ચૂકવવા માટે જવાબદાર રહેશે. બિડ મંજુર કરનાર તરફથી કોઇ પણ પ્રકારનો ટેક્ષ/વેરા/ચાર્જીસ અલગથી ચુકવવામાં નહીં આવે.

(૪) જે પ્રમાણે જરૂરીયાત ઉપસ્થિત થશે તે પ્રમાણે ઓર્ડર આપવામાં આવશે. જથ્થાના વધારા કે ઘટાડા અંગે બિડર કોઈ વાંધો લઈ શકશે નહીં અને બિડ મંજૂર કરતા અધિકારી અથવા ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા જણાવવામાં આવેલ તેટલો જથ્થો આપવા માટે બિડર બંધાયેલ રહેશે.

(૫) આપેલ સમય મર્યાદામાં જરૂરી સિક્યોરિટી ડિપોઝીટ જમા કરાવીને નિયત ફોર્મમાં કરાર પર સહી ન કરનાર બિડરની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. તેમજ, આવા બિડરોને ભવિષ્યની કામગીરી માટે ગેરલાયક ઠેરવવામાં આવશે અને જે બિડર્સની કિંમત L-2 છે તેમને L-1 કિંમત અનુસાર કામ કરવા માટે વર્ક ઓર્ડર આપવામાં આવશે. કોઈપણ સંજોગોમાં L-2 બિડર L-1 કિંમતે કામ કરવા માટે સંમત ન થાય તો સરકારે ચુકવવી પડતી વધારાની રકમ એલ-1 બિડર પાસેથી વસૂલવામાં આવશે, જેની વસૂલાતને જમીન મહેસૂલના બાકી રકમ તરીકે પણ ગણી વસુલ કરવામાં આવશે. ડીપોઝીટ પડી રહેવાના કારણે વ્યાજ અંગેની કોઈ માંગણી કરવાનો હક દાવો રહેશે નહિ.

(૬) બિડરે ભાવ મંજૂરીનો ઓર્ડર જારી થતાંની સાથે ૭ (સાત) દિવસમાં કરાર કરવાના રહેશે. મુંબઈ સ્ટેમ્પ એક્ટ-1958 અને તેના હેઠળના નિયમો મુજબ, બિડરે કરાર મુજબ નિયત દરની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાની રહેશે.

(૭) મંજૂર થયેલ કિંમત બિડની મંજૂરીના હુકમથી ૧ (એક) વર્ષ માટે માન્ય રહેશે અને બન્ને પક્ષોની પરસ્પર સંમતિથી વધુ એક વર્ષ માટે લંબાવી શકાશે. જો આ રીતે સમયગાળો લંબાવવામાં આવશે, તો તે દરમિયાન પૂરા પાડવામાં આવતા જથ્થાને લગતા બજાર ભાવમાં વધારાને કારણે ઊંચા ભાવની માંગ કરી શકાશે નહીં. પરંતુ આ અંગેનો અંતિમ નિર્ણય જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા લેવામાં આવશે. જે નિર્ણય બીડરને બંધનકર્તા રહેશે.

(૮) બિડ કરનાર દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા/સામગ્રી સારી ગુણવત્તાની હોવી જોઈએ અને જ્યાં સ્પષ્ટીકરણ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે તે સ્પષ્ટીકરણ મુજબ સેવા/સામગ્રી પુરી પાડવાની રહેશે. આ અંગે કોઈ ફરિયાદ નોંધાશે તો કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી-વલસાડનો નિર્ણય આખરી રહેશે અને તે બિડ કરનાર વ્યક્તિ માટે બંધનકર્તા રહેશે.

(૯) માંગણી મુજબની સેવા/ સામગ્રી બિડ મંજૂર કરનારની ઑફિસ દ્વારા નિર્દેશિત સરનામાં પર પહોંચાડવાની રહેશે. જેના માટે કોઈ વધારાનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ/મજુરી મળશે નહી. બિડ મંજૂર કરનાર અધિકારી અથવા ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા સેવા/સામગ્રી સબંધિત મતદાર વિભાગ અથવા કચેરી મુજબ ફાળવણીનો આદેશ આપે તે મુજબ, પહોંચાડવાની રહેશે. તો તે ફાળવણી મુજબ સેવા/સામગ્રીઓ ઓફિસ મુજબ વિભાજિત કરી જે તે ઓફિસને પુરી પાડવાની રહેશે. જેના માટે કોઈ વધારાનો ચાર્જ આપવામાં આવશે નહી.

(૧૦) સેવા/સામગ્રીના વર્ક ઓર્ડર/ફાળવણીના ઓર્ડર મુજબ, આવનાર વ્યક્તિ પાસેથી અધિકૃતતા પત્ર / સત્તા પત્રની રસીદ (કર્મચારીના નામ, સરનામું અને સહીનો નમૂનો સાથે) અને તેમાં દર્શાવેલ નમૂના મુજબ સહી સત્તા પત્ર ચલણમાં જથ્થાના વાહકએ સ્પષ્ટ ઓળખ દર્શાવવી આવશ્યક છે. બિલ સાથે ચલણની નકલ સબમિટ કરવાની રહેશે.

(૧૧) વર્ક ઓર્ડર ડિલિવરી ચલણ હેઠળ પૂરી પાડવામાં આવેલ સેવા/સામગ્રીનું ડિમાન્ડ નોટ-ડિમાન્ડ ફોર્મ ત્રણ નકલોમાં જારી કરવામાં આવશે. ડિલિવરી ચલણ, સેવા/સામગ્રી વગેરે સ્પષ્ટપણે અલગ અને વર્ક ઓર્ડરમાં દર્શાવેલ ક્રમમાં હોવી જોઈએ. ડિલિવરી ચલણની એક નકલ બિડર પાસે, બીજી નકલ ડિલિવરી કેરિયર પાસે અને એક નકલ સંબંધિત કચેરીને આપવાની રહેશે.

(૧૨) કુદરતી આફત, માનવસર્જિત આફત, આગ,અકસ્માત કે બેકાબૂ સંજોગોને કારણે બિડરની કોઈપણ જથ્થા/સામગ્રીને નુકસાન થાય તો તેની જવાબદારી બિડ મંજૂર કરનાર સત્તાધિકારીની રહેશે નહીં.

Scanned with CamScanner

(૧૩) વર્ક ઓર્ડરમાં સેવા/સામગ્રી બિડમંજૂર કરનાર અથવા ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા દર્શાવેલ વિગતે ઉપલબ્ધ કરાવવાની તારીખે અને મંજૂર કિંમતની સંપૂર્ણ વિગતો દર્શાવવાની રહેશે. શક્ય હોય ત્યાં સુધી સેવા મૌખિક રીતે આપવાની રહેશે નહીં. મૌખિક રીતે જથ્થો પૂરો પાડવાની તાત્કાલિક જરૂરિયાતના કિસ્સામાં, લેખિત વર્ક ઓર્ડર તરત જ મેળવવાનો રહેશે.

(૧૪) બિડ મંજૂર કરનાર અથવા ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અથવા તેમના દ્વારા અધિકૃત વ્યક્તિ/કર્મચારી તેમના વર્ક ઓર્ડર મુજબ પૂરી પાડવામાં આવતી વસ્તુઓનું નિરીક્ષણ કરી શકશે.

(૧૫) બિડ મંજુર કરનારની પૂર્વ મંજુરી મેળવ્યા વિના બિડર આ કામગીરી અન્ય કોઈપણ વ્યક્તિને પેટા કોન્ટ્રાક્ટથી સોંપી શકશે નહીં. જો આવી આગોતરી મંજુરી બિડમંજુર કરનાર તરફથી આપવામાં આવી હોય તો પણ, તેની સંપૂર્ણ જવાબદારી બિડરની રહેશે.

(૧૬) બિડમાં દર્શાવેલ શરતો, બિડર દ્વારા હસ્તાક્ષર કરાયેલ કરારના કોઈપણ નિયમો અને શરતો અથવા બિડર દ્વારા દાખલ કરાયેલ કરારનો કોઈપણ ભાગ અથવા કોઈપણ વ્યક્તિ કે જે તેમની ગોઠવણનો ભાગ છે અથવા બિડર કામ પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય, વર્ક ઓર્ડર મુજબ સમય મર્યાદામાં, મેનેજમેન્ટ કરતાં, ચૂકવેલ વધારાની રકમ અને ઠરાવેલ દંડની રકમ બિડરની સિક્યોરિટી ડિપોઝિટમાંથી વસૂલવામાં આવશે અને જો રકમ હજુ પણ બાકી હશે, તો તે "જમીન મહેસૂલ બાકી" તરીકે બિડર પાસેથી વસૂલવામાં આવશે.

<u>(૧૭) કામગીરી શરતો: -</u>

૧૭.૧. મતપત્રોનું છાપકામ 70 G.S.Mનાં કાગળમાં અત્રેથી પુરા પાડવામાં આવનાર સેમ્પલ મુજબ સરપંચની બેઠક માટે ગુલાબી કાગળમાં તેમજ વોર્ડની બેઠક માટે સફેદ કાગળમાં છાપકામ કરવાનું રહેશે અથવા ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારી જણાવે તે કલરનાં કાગળમાં છાપકામ કરવાનું રહેશે. જે માટે અગાઉથી સબંધિત ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારી પાસેથી મતપત્રોની સંખ્યાની વિગતો મેળવી જરૂરિયાત મુજબનો કાગળનો જથ્થો ઉપલબ્ધ રાખવાનો રહેશે.

૧૭.૨. ચૂંટણી અધિકારી દ્વારા તૈયાર કરવામાં આવેલ હરીફ ઉમેદવારોની યાદી યાદી નમુના નં.૭ રજુ થયે તુર્તજ છાપકામની કામગીરી હાથ ધરી ચૂંટણી અધિકારી દ્વારા મતપત્રોનું પ્રુફ રીડીંગ કરાવી તે બદલ મતપત્રો પર સહી મેળવી ત્યારબાદ જ છાપકામની કામગીરી હાથ ધરવાની રહેશે. ઉમેદવારનાં નામની સામે પ્રતિકનું ચિહ્ન છાપવાનું રહેશે.

૧૭.૩. મતપત્રોનું છાપકામ થયેથી મતપત્રોની ડીલવરી આપતા પહેલાં સબંધિત ચૂંટણી અધિકારી દ્વારા ટીમ બનાવી ચકાસણી કામગીરી કરવાની રહેશે. આ કામે ચકાસણી ટીમની બેસવાની,પીવાના પાણીની તથા ચકાસણી માટે જરૂરી સ્ટેશનરી/ સામગ્રીની વ્યવસ્થા ટેન્ડરરે પુરી પાડવાની રહેશે.

૧૭.૪. મતપત્રોની ખુબજ સલામતી રાખવી આવશ્યક અને જરૂરી છે. આ માટે અધિકૃત અધિકારી/ કર્મચારીએ અન્ય કોઇ ત્રાહિત ઇસમનાં હાથમાં ગેરકાયદેસર રીતે ન જાય તે માટે પુરતી તકેદારી રાખવાની રહેશે. અને છાપકામ થયેલ મતપત્રો અલાયદા રૂમમાં અત્રેથી પુરા પાડવામાં આવનર જરૂરી પોલીસ બંદોબસ્ત હેઠળ રાખવાનાં રહેશે.

૧૭.૫. મતપત્રોનાં છાપકામ વખતે મતપત્રોનં કત્તરણ તથા રદ થયેલ મતપત્રો સબંધિત ચૂંટણી અધિકારીનાં હાજરીમાં બાળીને નાશ કરવાનો રહેશે.

૧૭.૬. મતપત્રોની સલામતી માટે ચૂંટણી અધિકારી દ્વારા અધિકૃત કરેલ અધિકારીશ્રી સિવાય અન્ય કોઇને મતપત્રોનો હવાલો સુપ્રત કરી શકાશે નહી. તેમજ અત્રેથી પુરા પાડવામાં આવનાર જરૂરી પોલીસ બંદોબસ્ત સિવાય પ્રેસમાંથી મતપત્રોની હેરફેર કરી શકાશે નહી. મતપત્રોનો હવાલો સુપ્રત કર્યા અંગેની ડીલવરી ચલણમાં અધિકૃત અધિકારીને જથ્થો મળ્યા બદલની સહી મેળવી ડીલવરી ચલણમાં જથ્થો લઇ જનારની સ્પષ્ટ ઓળખ દર્શાવવાની રહેશે.

૧૭.૭. મતદાન મથકો / મતદારોની સંખ્યા ધ્યાને લઇ મતપત્રોનાં છાપકામની વિગતો ચૂંટણી અધિકારી તરફથી રજૂ કરવામાં આવે તે મુજબનાં કલર કાગળનો જથ્થો એડવાન્સમાં ઉપલબ્ધ રાખવાનો રહેશે.

૧૭.૮. ટેન્ડર મંજુર કરનાર અથવા ચૂંટણી અધિકારીશ્રી અથવા તેઓ દ્વારા અધિકૃત કરેલ વ્યક્તિ કર્મચારી તેઓ મતપત્રોની સલામતી અને જાળવણી માટે પ્રેસની મુલાકાત લે ત્યારે તેઓ ઓળખકાર્ડ સિવાય દાખલ નહી થાય તે અંગે ખાસ તકેદારી રાખવાની રહેશે.

૧૭.૯. <u>ગુણવત્તાયુક્ત સામગ્રીની જોગવાઈ અંગે</u>: -
સેવા પ્રદાતા/સપ્લાયરએ સારી ગુણવત્તાની સેવાઓ/સામગ્રી પૂરી પાડવાની રહેશે. જો આ સંદર્ભે કોઈ ફરિયાદ નોંધવામાં આવે તો, જિલ્લા ચૂંટણી અધિકારીનો નિર્ણય આખરી રહેશે અને ચુકવણી કરનારને બંધનકર્તા રહેશે.

Scanned with CamScanner

૧૭.૧૦.સેવા/સામગ્રીની જોગવાઈના વધારાના ખર્ચ અંગે:-

સેવા/સામગ્રી માટે માનવબળ/સામગ્રી વગેરેની જોગવાઈ અને સંબંધિત પરિવહન સહિત કોઈપણ વ્યવસ્થાની ચુકવણી માટે કોઈ અલગ કે વધારાનો ચાર્જ ચુકવવામાં આવશે નહીં.

૧૭.૧૧.જાહેર રજા સહિત કામકાજ અંગે:-

ચૂંટણી પ્રક્રિયામાં જાહેર રજાઓ સહિતની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈપણ સમયે, અધિકૃત સંબંધિત અધિકારીશ્રી/ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારીના વર્ક ઓર્ડર મુજબ, સામગ્રી/ સેવાઓની જરૂરિયાત ઊભી થઈ શકે છે. તેમની સેવાઓ લેખિત/મૌખિક સૂચનાને વિલંબ વિના ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૧૭.૧૨.વર્ક ઓર્ડરના આધારે જથ્થો આપવા વિશે:-

મંજૂર થયેલ ભાવ અનુસાર, સેવા/સામગ્રી વગેરે વિવિધ સ્થળોએ પૂરા પાડવાના છે તે અધિકૃત સંબંધિત અધિકારીશ્રી/ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા કયા સબંધિત મતવિસ્તારમાં સામગ્રી તેમજ અન્ય સેવા સામગ્રી પૂરી પાડવા જાણાવવામાં આવશે. શક્ય હોય ત્યાં સુધી મૌખિક આદેશ મુજબ કોઈ સેવા/સામગ્રી પ્રદાન કરવાની રહેશે નહીં. પરંતુ જો તાકીદના સંજોગોમાં લેખિત વર્કઓર્ડર આપવાનું શક્ય ન હોય તો પછીથી વર્કઓર્ડર મેળવવાનો રહેશે.

૧૭.૧૩. કામગીરીમાં નિષ્ફળતાના પ્રસંગે: -

જો બિડર વર્ક ઓર્ડર મુજબના નિયત સ્થળે તથા સમય મર્યાદામાં સેવા/સામગ્રી પુરા પાડવામાં નિષ્ફળ જાય તો વર્ક ઓર્ડરની તમામ ટેક્સ સહીતની કુલ રકમ થાય તેના ૧% (એક ટકા) રકમ પ્રતિદીન દંડ તરીકે વસુલવામાં આવશે તથા જો કોઇ કારણસર આ માટે અન્ય રીતે સેવા/સામગ્રી મેળવવાની થાય તો તે માટે જે વધારાનો ખર્ચ/નુકશાન થાય તે ઉપરાંત થયેલ વધારાના ખર્ચ/નુકશાનની ટેક્સ સહીત કુલ રકમના ૧૦% (દસ ટકા) રકમ પણ દંડ તરીકે વસુલ કરવામાં આવશે. આ રકમ કોન્ટ્રાક્ટર/બીડર પાસેથી તેઓના અન્ય બીલ અથવા જમા સિક્યોરીટી ડીપોઝીટની રકમમાંથી અથવા બાકી જમીન મહેસૂલ તરીકે વસુલ કરવામાં આવશે. આ બાબતનો આખરી નિર્ણય જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વલસાડ દ્વારા જાહેર કરવામાં આવે તે માન્ય રાખવાનો રહેશે. આ અંગે કોઇ વાદ-વિવાદ કે કોઇ ન્યાય કોર્ટમાં દાવો દાખલ કરવાનો રહેશે નહી.

૧૭.૧૪. ટેન્ડર/ઓર્ડર/કોન્ટ્રાક્ટની કોઈપણ શરતના ભંગ અંગે: -

ટેન્ડરમાં દર્શાવેલ શરતો, ટેન્ડરને મંજૂર કરવાના ક્રમમાંની શરતો અથવા બીડ મંજૂર કરનાર દ્વારા દાખલ કરાયેલ કરારની કોઈપણ શરતોનો બીડર અથવા કોઈપણ વ્યક્તિ દ્વારા ભંગ કરવામાં આવે અથવા શરતોનું પાલન કરવામાં જો બીડર નિષ્ફળ જાય છે, જો બિડર વર્ક ઓર્ડર મુજબના નિયત સ્થળે તથા સમય મર્યાદામાં સેવા/સામગ્રી પુરા પાડવામાં નિષ્ફળ જાય તો વર્ક ઓર્ડરની તમામ ટેક્સ સહીતની કુલ રકમ થાય તેના ૧% (એક ટકા) રકમ પ્રતિદીન દંડ તરીકે વસુલવામાં આવશે તથા જો કોઇ કારણસર આ માટે અન્ય રીતે સેવા/સામગ્રી મેળવવાની થાય તો તે માટે જે વધારાનો ખર્ચ થાય તે ઉપરાંત થયેલ વધારાના ખર્ચની ટેક્સ સહીત કુલ રકમના ૧૦% (દસ ટકા) રકમ પણ દંડ તરીકે વસુલ કરવામાં આવશે. આ બાબતનો આખરી નિર્ણય જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વલસાડ દ્વારા જાહેર કરવામાં આવે તે માન્ય રાખવાનો રહેશે. આ અંગે કોઇ વાદ-વિવાદ કે કોઇ ન્યાય કોર્ટમાં દાવો દાખલ કરવાનો રહેશે નહી.

૧૮ .ચુકવણીની શરતો:

૧૮.૧. બિડરે બિડમંજૂર કરનાર જાણાવે તે રીતે દર્શાવેલ સેવાની વસ્તુઓ/સામગ્રી/જથ્થા ક્રમમાં દર્શાવીને બિલ રજુ કરવાનું રહેશે.

૧૮.૨. જો દરેક વર્ક ઓર્ડર મુજબ એક જ બિલમાં અલગ બીલ અથવા એક કરતા વધુ વર્ક ઓર્ડર હોય, તો બિલ નંબર/તારીખ વગેરે દર્શાવીને વર્ક ઓર્ડર મુજબની સેવા/સામગ્રીની વિગતો દર્શાવીને બનાવવાનું રહેશે.

૧૮.૩. આપેલ દરેક વસ્તુ માટેના બિલો બિડ મંજૂર કરનારના નામે અથવા તે જાણાવે તે અધિકારીશ્રીના નામે બનાવવાના રહેશે અને કલેક્ટર કચેરી ચૂંટણી શાખા વલસાડને અથવા જાણાવે તે અધિકારીશ્રીને ચુકવણી માટે સબમિટ કરવાના રહેશે.

૧૮.૪. બધા બીલ "એકાઉન્ટ પે ચેક/ઈ-પેમેન્ટ"દ્વારા ચૂકવવામાં આવશે.

૧૮.૫. જો બિડર કોઈપણ સોંપાયેલ કામગીરી પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય છે અથવા કોઈપણ શરતનો ભંગ કરે છે, તો તે અંગે તમામ કાયદેસરના પગલાંને પાત્ર રહેશે, બિડ મંજૂર કરનાર સત્તાધિકારી પાસે જરૂર જણાય તો બિલની ચૂકવણી રોકવાનો નિરંકુશ અધિકાર રહેશે.

૧૮.૬. જ્યાં સુધી કામ પૂરું ન થાય ત્યાં સુધી બિલ પર કોઈ રકમ એડવાન્સ મેળવી શકશે નહીં.

૧૮.૭. ઉપલબ્ધ ભંડોળ/અનુદાન અનુસાર બિલ ચૂકવવામાં આવશે. વિલંબીત ચૂકવણી માટે વ્યાજ ચુકવણીની માંગ કરી શકાશે નહી અને તેના માટે કોઈ પત્ર વ્યવહાર પણ કરી શકાશે નહીં.

Scanned with CamScanner

૧૮.૮. ભાવ યાદી/વાણિજ્યિક બિડમાં ભરેલ કિંમતમાં તમામ પ્રકારના કરનો સમાવેશ થશે અને તે મુજબ કિંમત મંજૂર કરવામાં આવશે અને તે મુજબ બિલ ચૂકવવામાં આવશે. બિડર દ્વારા મંજૂર કરાયેલ કિંમત પર કોઈ વધારાની રકમ/ટેક્સ ચૂકવવામાં આવશે નહીં.

૧૮.૯. નિયમો અનુસાર ચૂકવવાપાત્ર TDS/GSTની રકમ બાદ કર્યા પછી જ બિલની રકમ ચૂકવવામાં આવશે.

૧૮.૧૦ બિડરે કોઈપણ નિયમો મુજબ ચૂકવવાપાત્ર અન્ય GST/કર/સર્વિસ ટેક્સ/વેટની રકમ ચૂકવવાની રહેશે.

૧૯. આ કામના હુકમ/કરાર અંગે કોઈ વિવાદ કે કાયદાકીય ગૂંચવણના કિસ્સામાં વલસાડ કોર્ટના અધિકારક્ષેત્ર હેઠળ આ બાબતનો નિકાલ થઈ શકશે.

તારીખ : / /૨૦૨૫
સ્થળ:-

જિલ્લા ચૂંટણી અધિકારી
અને
કલેકટર વલસાડ

R.P.A.D::

પ્રતિ,

**EKTA OFFSET PRIVATE LIMITED**

**Head Office: 9/B, Sadhana Society, Petlad Road, Nadiad-387001**

**Work Shop : Nr.Bhagwati Furniture, Nadiad-Piplata Road, Piplag-387355**

મો.નં.૯૯૦૪૮૫૩૮૦૦

નકલ રવાના :- પ્રાંત અધિકારીશ્રી, વલસાડ / પારડી / ધરમપુર તરફ.

નકલ રવાના:- મામલતદારશ્રી,વલસાડ(ગ્રામ્ય/શહેર),ધરમપુર,પારડી,કપરાડા,વાપી(ગ્રામ્ય/શહેર),ઉમરગામ

નકલ રવાના :- ચીફ ઓફીસરશ્રી નગરપાલિકાઓ તમામ

નકલ રવાના :- તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ

નકલ રવાના :- સબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ તરફ

નકલ રવાના:- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, વલસાડ તરફ

નકલ રવાના:- હિસાબી શાખા તરફ

નકલ:: સિલેકટ ફાઈલે

Scanned with CamScanner